જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૨/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૪૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૨૪	૬	૧૧૨૩૦	૧૭૩૫૫	૬	૧૭૩૬૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪3,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૮	૦	૬૮	૨૭૫	૦	૨૭૫
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૮33	૪	૨૮૮3૭	3૦૧૨3	૪	3૦૧૨૭
કુલ		૪૪૮૨૭	૧૦	૪૪૮3૭	૫3૯૭૮	૧૦	૫3૯૮૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૨	૧૦,૮૫,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૦૦	૬,૦૦,૦૦૦/-

પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન ૨૨૦ લીટર દેશી દારૂ કિમત રૂપિયા-૪૪૦૦/- મુદામાલ સાથે એક આરોપીને પકડી પાડતી નરોડા સર્વેલન્સ સ્કવોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓની સુચના આધારે આગામી સ્થાનીક સ્વરાજની ચુટણી અનુશંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનની બદીને નેસ્તનાબુત કરવા સારૂ નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી "પી.બી.ખાંભલા" નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલંન્સ પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા સાથેના માણસો પેટ્રોલીંગમા હતા.દરમ્યાન નરોડા જી.આઇ.ડી.સી ફેઝ-૪ પાણીની ટાંકી પાસે લીસ્ટેડ બુટલેગર લલીતા ઉર્ફે લલ્લી તપોવન છારા જાહેરમા કેટલોક ગે.કા.નો દેશીદારુનો જથ્થો રાખી વેચાણ કરાવે છે. જે મતલબની બાતમી હકીકત આધારે સદરી જગ્યાએ રેડ કરતાં જગ્યા ઉપર હાજર આરોપી નામે જયેશ શંકરલાલ જાતે ભોઇ ઉ.વ. ૨૮ ધંધો મજુરી રહે. લાલભાઇ ભરવાડના મકાનમા નાના ચીલોડા, નરોડા અમદાવાદ શહેરનાને ૨૨૦ દેશીદારૂ કિ.રૂ.૪૪૦૦/- ના મુદામાલ સાથે તા.૦૫/૦૨/૨૦૨૧ ના કલાક ૧૮/૧૫ વાગે પકડી તેના વિરુધ્ધ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)બી, ૬૫.ઇ, ૮૧ મુજબનો ગુન્હો દાખલ કરી સારી કામગીરી કરેલ છે. તા.૦૫/૦૨/૨૦૨૧.

આરોપીનુ નામ

(૧)જયેશ શંકરલાલ જાતે ભોઇ ઉ.વ. ૨૮ ધંધો મજુરી રહે. લાલભાઇ ભરવાડના મકાનમા નાના ચીલોડા, નરોડા અમદાવાદ શહેર.
(૨) વોન્ટેડ લલીતા ઉર્ફે લલી તપોવન રાવજીભાઇ છારા, રહે. સંતોષીનગરનાં છાપરા કુબેરનગર નરોડા અમદાવાદ શહેર
(૩) વોન્ટેડ બીપીન કાંતીભાઇ મકવાણા રહે હરીજનવાસ રણાસણ ગામ

મુદ્દામાલ –

૨૨૦ દેશીદારૂ કિ.રૂ.૪૪૦૦/- મુદામાલ સાથે

કામગીરી કરનાર કર્મચારી

સર્વે સ્વોડ પો.સબ.ઇન્સ.એ.એમ. પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા હે.કો. સુરેશભાઇ હરજીવનભાઇ બ.નં ૩૨૨૦ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.જયેન્દ્રસિંહ કલ્યાણસિંહ બ.નં.૪૧૫૮ તથા પો.કો. પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કો. જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ પો.કો.પંકેશકુમાર ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો. વિજય ખોડીદાસ બ.નં.૧૦૦૯૦ તથા પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર.તેજેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ બ.નં.૧૪૭૦





તડીપાર કરેલ આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

તા.૦૫/૦૨/૨૦૨૧ ના રોજ શરીર સબંધી ગુનામાં તડીપાર કરેલ ઇસમને પકડી કાયદેસરની કાર્યવાહી કરતી નરોડા સર્વેલન્સ સ્કવોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓની સુચના મુજબ પો.ઇન્સ શ્રી પી.બી.ખાંભલા સાહેબ નાઓના માર્ગદર્શન આધારે આગામી સ્થાનીક સ્વરાજની ચુંટણી અનુશંધાને પાસા/ તડીપાર કરેલ ઇસમોને પક્ડી મળી આવ્યેથી કાયદેશરાની કાર્યવાહી કરવા સારૂ સ્વેલંન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ. એ.એમ.પટેલ તથા સાથેના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન સાથેના પો.કો. પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ તથા પો.કો. પ્રદિપકુમાર રામાભાઇ નાઓએ બાતમી હકીકત આપેલ કે મદદનીશ પોલીસ કમિ શ્રી "જે" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના ક્રમાક:જે/ડીવી/હદપ/૩૨૬/૨૦૨૦ તા-૨૯/૦૯/૨૦૨૦ ના હુકમ આધારે આરોપી નામે બ્રીજેશ ઉર્ફે ટોલી વિજયભાઇ જાતે.ભટ્ટ ઉ.વ.૨૬ રહે - નરોડા ગામ ભાટ્ટની ખડકી નરોડા અમદાવાદ શહેર નાને અમદાવાદ શહેર , ગાંધીનગર ખેડા તથા મહેસાણા જીલ્લાઓ માંથી બે વર્ષ માટે તડીપાર કરેલ હોવા છતાં ઉપરોક્ત હુકમનો ભંગ કરી અમદાવાદ શહેરમાં કોઇ કોર્ટ કચેરીની લેખીત પરવાનગી વગર નરોડા સુતરના કારખાના પાસેથી મળી આવતાં આજ રોજ તા-૦૫/૦૨/૨૦૨૧ ના કલાક ૧૫/૩૦ વાગે પકડી તેના વિરુધ્ધ જીપી.એક્ટ ૧૪૨ મુજબનો ગુનો નોધી સારી કામગીરી કરેલ છે. તા-૦૫/૦૨/૨૦૨૧.

આરોપીનુ નામ -

બ્રીજેશ ઉર્ફે ટોલી વિજયભાઇ જાતે.ભટ્ટ ઉ.વ.૨૬ રહે.નરોડા ગામ ભાટ્ટની ખડકી નરોડા અમદાવાદ

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ.એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ. જેઠાભાઇ બહેચરભાઇ બ.નં.૮૦૩૨ તથા તથા જયેન્દ્રસિંહ કલ્યાણસિંહ બ.નં.૪૧૫૮ તથા પો.કોન્સ.પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૦૮૦૯ તથા પો.કોન્સ પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કોન્સ પ્રદિપકુમાર રામાભાઇ બ.નં-૧૦૩૬૧ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર વિક્રમ પ્રેમસિંહ બ.નં-૧૨૪૨૨ તથા એલ.આર અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.



પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

મિલકત સંબંધી તથા શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા કાલુપુર તથા શાહીબાગ પો.સ્ટે વિસ્તારમાં લુંટ તથા મારામારી ગુનામાં પકડાયેલ આરોપી નામે અર્જુન રામુભાઈ જાતે. પટણી(જાહલાવાળા) ઉ.વ.૨૪ રહે. રોહીદાસ રંગારાની ચાલી, કલાપીનગર, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) કાલુપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૧૮/૧૯ ઈ.પી.કો. કલમ ૩૯૪, ૨૯૪(ખ), ૧૧૪ મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૦૨૮૩/૨૦ ઈ.પી.કો. કલમ ૩૯૫, ૩૮૪, ૩૨૪, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૩) શાહીબાગ પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૦૩૨૦/૨૦ ઈ.પી.કો. કલમ ૩૯૨, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૪) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૧૩૧૩/૨૦ ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૬, ૪૨૭, ૨૯૪(ખ) મુજબ ના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૯૫/૨૦૨૧ તા.૦૩/૦૨/૨૦૨૧ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-લાજપોર સુરત" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૦૫/૦૨/૨૦૨૧ ના કલાક ૧૯/૦૦ વાગે સાબરમતી મધ્યસ્થ જેલ અમદાવાદ શહેર ખાતે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-લાજપોર સુરત" ખાતે મોકલી આપેલ છે.તા.૦૫/૦૨/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) મ.સ.ઈ આનંદસિંહ નાથુસિંહ બ.નં.૭૩૦૧

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૪૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૪ કેસ કરી, ૬૦ વ્યક્તિઓને ઝડપી, ૨૯૧ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૮ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૪૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૨૫૦/૨૦૨૧**

નરોડાઃ નિમાબહેન વા/ઓ સંકેતકુમાર પટેલ (ઉ.વ.૨૮) (રહે. શ્રીરામ વંદન સોસાયટી સ્વામિનારાયણ પાર્ક સામે નરોડા) તા.૦૪/૦૨/૨૦૨૧ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે નરોડા શ્રીરામ વાટીકા સોસાયટીના ગેટ સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ નિમાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ નિમાબહેન પટેલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

નિકોલઃ દીપકબા વા/ઓ મહેન્દ્રસિહ જાડેજા (ઉ.વ.૪૨)(રહે.ગજાનંદ રેસીડેન્સી શાંતિવન સોસાયટી પાસે સિંગરવા કઠવાડા રોડ તા.દસ્ક્રોઇ જી.અમદાવાદ) તા.૦૫/૦૨/૨૦૨૧ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે નિકોલ ઉત્તમનગર રોડ મહેશનગર સોસાયટી આગળથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક્ટીવા ઉપર આવેલ પુરૂષ દીપકબાના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ દીપકબા જાડેજાએ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.પટેલ ચલાવે છે.

વાહન ચોરી :- **સમાચાર યાદી નં.૨૫૧/૨૦૨૧**

શાહીબાગઃ રમેશભાઇ જગદીશભાઇ દરજી (રહે.ઉદીત એપાર્ટમેન્ટ વિઠ્ઠલનગર સોસાયટી સામે સિવીલ હોસ્પિટલ પાછળ શાહીબાગ) એ તા.૦૪/૦૨/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગે પોતાના ઘર નજીક પોતાની ઇકો ગાડી નંબર જીજે.૦૧.આરયુ.૪૭૩૫ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૫/૦૨/૨૦૨૧ કલાક ૮/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ રમેશભાઇ દરજીએ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૫૨/૨૦૨૧**

રાણીપઃ લલીતાબહેન ઘેવરચંદ જૈન (ઉ.વ.૬૧) (રહે.હરસિધ્ધ સ્મૃતિ સોસાયટી રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૨/૨૦૨૧ સાજના ૭/૪૫ થી તા.૦૫/૦૨/૦૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની સિડીની લોખંડની ગ્રીલ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાવજીભાઇ ભિમાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી